ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૮/૨૨–૨૩/ 823 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વડોદીયા ગગજીભાઈ ઘુઘાભાઈ કોળી પટેલ,**
**હેલીધાર નજીક, પાણીની ટાંકી પાછળ,**
**રહે.સુદામડા, તા.સાયલા,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૧૦૮/૨૨–૨૩

**મો.નં–૯૬૮૭૭ ૩૫૨૭૧**

**વિષય : મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૮/૨૨–૨૩/e-૬૮૬ તા.૨૭/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૮/૨૨–૨૩/e-૭૨૨ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

01C

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૮/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ગગજીભાઈ ઘુઘાભાઈ વડોદીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખઃ– તા.૧૭/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ગગજીભાઈ ઘુઘાભાઈ વડોદીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગગજીભાઈ ઘુઘાભાઈ વડોદીયા, મું.સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરી મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૮/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૮/૨૨–૨૩/e-00૬૮૯ તા.૨૭/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૭/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ગગજીભાઈ ઘુઘાભાઈ વડોદીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જયભારત સાથ સાદર ઉપરોકત વિષયે જણાવવાનું કે, હું અરજદાર (ફરીયાદી) કોળી પટેલ ગગજીભાઈ ઘુઘાભાઈ સાયલા તા.સુદામડા ગામનો રહીશ ધંધો – ખેત મજુરી વાળાની નમ્ર અરજ છે કે સાહેબ હું મૂળ જસાપર ગામનો રહીશ હાલ–સુદામડા છેલ્લા પાંચેક વર્ષથી ખેત મજુરી કામે મારૂ પોતાનું માલીકીનું મકાન છેલ્લા ચારેક વર્ષથી સુદામડા મુકામે બનાવી રહેણાંક કરી રહુ છું. તેવામાં મેં આશરે ચારેક વર્ષ પહેલા વિજ કંપની સાયલા મુકામે ઘર વપરાશ વિજ કનેકશન માટે અરજી આપેલ હતી. તેથી મને વિજ કનેકશન બિલ કુલ આપ્યા વગર અને મારા રહેણાંકના મકાન પર મીટર ફીટ કર્યા વગર મારા નામે ગ્રાહક નં–૭૩૫૫૪/૦૨૧૬૯/૫ થી મીટર બિલ આપવા લાગેલ અને મેં વિજ બિલ ભરેલ છે. અવાર નવાર સાયલા વિજ કચેરીએ મૌખિક રજૂઆત કરતા ઘણા સમય પછી મને વિજ મીટર ફીટ કરી આપેલ. સાહેબ મેં રેગ્યુલર વિજ બિલ ભરેલ છે. તેમ છતાં મારા ઉપર સાયલા વિજ કચેરીવાળાઓ એ ખોટી રીતે ખોટું બિલ આપી આર્થિક અને માનસીક રીતે અન્યાય કરેલ છે. મેં ઘણીવાર મૌખિક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૨ મારા ઘરે કોઈ એવા વિજ ઉપકરણોના સાધનો નથી. આખો દિવસ અમો બધાજ ખેતરોમાં હોઈએ ત્યારે આ ભારેખમ વિજ બિલ આપી અમોને ખૂબજ અન્યાય કરી હેરાન પરેશાન કરેલ છે. જેની અમોએ તા.૧૭/૧૨/૨૦૨૨ના રોજ લેખિત અરજી સાયલા મુકામે આપતા હજુ સુધી તેનો કોઈ અમોને જવાબ કે તપાસ કરવામાં આવી નથી. તો આ ગેરરીતી માટે જરૂરી તપાસ કરાવી અમારૂં આ ખોટું વિજ બિલ રદ કરી સાચું વિજ બિલ આપવા તથા યોગ્ય કરવા વિનંતી છે કારણ કે, ઘરવપરાશ માં અમારો એવો કોઈ ભારે વિજ ઉપયોગ નથી. તો આ વિજ કંપની મારફત સઘન તપાસ કરાવી ખરેખર ભૂલ કયાં થઈ છે તે અંગે તપાસ કરાવી યોગ્ય અને સચોટ સત્ય તપાસી ચોકસાઈ પૂર્વક સાચું વિજ બિલ કરાવી આપવા તથા આ સાથે જોડેલ વિજ બિલ ખૂબ જ વધારેને તદન ખોટું હોઈ તપાસ કરી, આ બિલ રદ કરાવવા હુકમ કરશોજી. તા.૧૪/૦૨/૨૦૨૩ ના મળેલ બિલ મુજબ રૂા.૨૯,૩૯૧/– નું બિલ તદન ખોટું બિલ છે, તેવું અમારૂં માનવું છે. તો અમોને રૂબરૂ સાંભળી તપાસ કરાવી યોગ્ય અને સાચું બિલ આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા આપ સાહેબશ્રી ને અમો નમ્ર વિનંતી કરીએ છીએ. અમો ગરીબ મજુર માણસ છીએ. અમોએ રીતી કરેલ નથી. તેમ છતાં, વિજ કંપની સાયલા મારફત આવો ખૂબ અન્યાય થયેલ હોઈ, જેથી કરીને આપ સાહેબશ્રી, ઝોનલ સાહેબશ્રી, ભાવનગરશ્રીને અરજી સાથે ફરીયાદ કરાવી પડી છે. તો યોગ્ય કરવા વિનંતી સહ વિદીત થાય.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, સાયલા ના જણાવ્યા મુજબ સાયલા પેટા વિભાગીય કચેરી હેઠળ સુદામડા ગામે વડોદીયા ગગજીભાઈ ઘુઘાભાઈ ગ્રાહક નં–૭૩૫૫૪/૦૨૧૬૯/૫ થી વિજ જોડાણ આવેલ છે. સદર ગ્રાહકશ્રી ને તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ નવું વિજ જોડાણ આપવામાં આવેલ છે. ત્યારબાદ, સદર ગ્રાહના ઘરે મીટર રીડીંગ લેવા જતા મોટા ભાગે મકાન બંધ રહેતું હોય લોકનું બિલ આપવામાં આવેલ છે.

૨.૨ ત્યારબાદ, છેલ્લે તા.૧૩/૧૨/૨૦૨૨ ના રોજ મકાન ખુલતા મીટરમાં છેલ્લા રીડીંગ નોંધાયેલ હતા તે મુજબનું વિજ બિલ આપવામાં આવેલ છે.

૨.૩ આમ, સદર ગ્રાહકનું મકાન લોક હોય તથા મકાન ખુલતા તેમને મીટરના નોંધાયેલ યુનિટ મુજબ ૩૯૩૨ યુનિટનું બિલ આપવામાં આવેલ છે. આમ, એક સાથે આટલા યુનિટનું બિલ આપવામાં આવેલ હોય ગ્રાહકને બિલની રકમ વધારે હોય તેવું લાગે છે. પરંતુ, સદર વિજ બિલ મીટરમાં નોંધાયેલ યુનિટ મુજબ જ આપવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રી ની જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ગગજીભાઈ ઘુઘાભાઈ વડોદીયા રહે.સુદામડા તા.સાયલા દ્વારા તેમના ઘર વપરાશ વિજ જોડાણ ગ્રાહક નં–૭૩૫૫૪/૦૨૧૬૯/૫ માં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા પ્રતિવાદીના મીટર રીડર દ્વારા અનિયમીત મીટર રીડીંગ કરી તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ રૂા.૨૯,૩૯૧/– નું મોટી રકમનું ખોટું બિલ મળ્યા બાબતની ફરીયાદ ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૭/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષો હાજર છે તથા તેઓએ પોત પોતાની રજૂઆતો કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ આજરોજની સુનાવણીમાં રજૂ થયેલ દસ્તાવેજો ફોરમને જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડરે નિયમીત સમયે યોગ્ય મીટર રીડીગ ન કરતા યુનિટ ભેગા થતા એકી સાથે ૩૯૩૨ યુનિટનું બિલ રૂા.૨૯,૩૯૧/– વાદીને આપવામાં આવેલ છે. આમ, વાદીના મીટરમાં હાલ કોઈ ફોલ્ટ જણાતો નથી. પરંતુ, યુનિટ ભેગા થવાથી મોડું બિલ બનેલ છે. તેમ ફોરમને જણાય છે. આમ, પ્રતિવાદી દ્વારા વાદીને આપવામાં આવેલ રૂા.૨૯,૩૯૧/– નું વિજ બિલ વપરાશના યુનિટનું હોઈ ભરવાપાત્ર છે. પરંતુ, પ્રતિવાદી દ્વારા એકીસાથે મોટી રકમનું બિલ આપેલ હોઈ બિલની રકમ દર દ્વિમાસીક બિલની સાથે ૩ સરખા હપ્તામાં વસુલવા આદેશ કરવામાં આવે છે.

૩.૪ આ સાથે પ્રતિવાદી પીજીવીસીએલ ને સંબંધિત બેદરકાર મીટર રીડર સામે પગલા લઈ ફોરમને અહેવાલ કરવા જણાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ અને ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૭/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar